<u>રે.સમરી.મુ.નં.૨૦/૨૦૧૬</u>

## <u>-: આંક-૧ લગત હુકમ:-</u>

વાદીએ હાલનો દાવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ લેણી રકમ વસુલ મેળવવા માટેનો કરેલો છે. સદર દાવો સને-૨૦૧૬ માં દાખલ કરવામાં આવેલ અને સદર કામ દાખલ થયે તે મુદતથી પ્રતિવાદીને બજવા ઉપર પેન્ડીંગ છે. વાદીએ દાવો દાખલ કર્યા બાદ હાજર રહી બજવણી અંગેની કોઈ કાર્યવાહી કરેલ નથી. વાદીને ન્યાયના હિતમાં અનેક મુદત આપવામાં આવેલ છે પરંતુ આજદિન સુધી હાજર રહી આગળની કોઈ કાર્યવાહી કરેલ નથી. આજરોજ પણ કોર્ટ ઉઠતા સુધી વાદીના વારંવાર પોકારો કરવા છતાં વાદી તરફે કોઈ હાજર નથી, કોઈ રજુઆત નથી. આમ, વાદીને ન્યાયના હિતમાં અનેક મુદતો આપવા છતાં હાજર રહેલ નથી કે કોઈ આગળની કાર્યવાહી કરેલ નથી. જેથી વાદીને સદર દાવો ચલાવવામાં રસ હોય તેમ જણાતુ નથી. આ સંજોગોમાં વાદીની ગેરહાજરી તેમજ વાદીની સદર દાવો ચલાવવામાં નિરસતાના કારણે વાદીનો દાવો કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજરોજ તા.૦૮મી, માહે: એપ્રીલ, સને ૨૦૧૯ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૮-૦૪-૧૯

**(રાકેશ લલિત ગુપ્તા)**
યુ.આઈ.સી.નં.જી.જે.૦૧૩૭૧
પમાં એડીશનલ સીવીલ જજ,
અમદાવાદ (રૂરલ), અમદાવાદ.